# વરાછા બેંકમાં 53,300 નું મતદાન

**બેલેટ** પર નોંધાયેલા સહકાર પેનલના 12, પરિવર્તન પેનલના 4 અને 2 સ્વતંત્ર ઉમેદવારો માટે મતદાન થયું

સુરત : 1995 માં સ્થાપના પામેલી ધી વરાછા કો-ઓપ બેંક લિ.ની બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણી માટે આજે સુરતમાં 30 અને મુંબઈમાં 1 મતદાન મથકે મતદાન યોજાયું હતું.

વરાછા બેંકના પૂર્વ ચેરમેન કાનજીભાઈ ભાલાળા પ્રેરિત સહકાર પેનલના 12 ઉમેદવારો સામે ટેકો જાહેર કર્યા પછી છૂટાછવાયા ઉમેદવારો ચૂંટણીના બેલેટ પેપર પર બચતા બેંકના કુલ 53,300 જેટલા સભાસદ મતદારોમાંથી કુલ 10,000 નો મતદાનનો આંકડો પણ પાર થયો નથી. ચૂંટણી કમિટીના જણાવ્યા મુજબ મતદાનનો સમય પૂર્ણ થયો ત્યારે 9700 થી વધુ મતદાન થયું હતું.

સવારે 8 વાગ્યે ઉચાટભર્યા માહોલમાં મતદાન શરૂ થયું હતું. સવારે મતદારોની લાંબી લાઈનો લાગી હતી. બપોરે 3 વાગ્યા સુધી 8,000 મતદારોએ મતદાન કર્યું હતું. એ પછી સાંજે મતદાન પૂર્ણ થયું ત્યારે 9700 થી વધુ લોકોએ મતદાન કર્યું હતું.

બેંકના સ્થાપક પૈકીના એક વલ્લભભાઈ સવાણી (ટોપી) સહિત હીરા, બાંધકામ અને ટેક્સટાઈલ ઉદ્યોગના અગ્રણીઓએ મતદાન કર્યું હતું. સુરત ઉપરાંત અંકલેશ્વર, નવસારી, વલસાડ, વાપી અને અમદાવાદના મતદારોએ પણ મતદાન કર્યું હતું.

સી.પી. વાનાણીના નેતૃત્વ હેઠળની સત્તાધારી સહકાર પેનલ સામે પરિવર્તન પેનલના સક્રિય ઉમેદવાર હિતેષ જાસોલિયાએ ચૂંટણી પ્રચારમાં પ્રભાવક દેખાવ જોવા મળ્યો હતો. 7મી એપ્રિલે વરાછારોડ ધારૂકા કોલેજ ખાતે 10 ટેબલ પર ટેબલ દીઠ 5/5 કર્મચારીઓ સવારે 8 વાગ્યે મતગણતરી શરૂ કરશે.

અંદાજે 11 વાગ્યા સુધી પરિણામો સ્પષ્ટ થઈ જશે. વરાછા બેંકની 15 બેઠક પૈકી 2 મહિલા અનામત અને એક એસી/એસટી.ની બેઠક મળી કુલ ત્રણ ઉમેદવારો બિનહરીફ થયા હતા. સહકાર પેનલના 12 ઉમેદવારો સામે 6 ઉમેદવારો જ મેદાનમાં બચતા એ પૈકી કેટલાકને સત્તાધારી પેનલને ટેકો જાહેર કરાવવા પ્રયાસ કરાયો હતો. એ પૈકી હિતેષ જાસોલિયા છેલ્લે સુધી અડીખમ રહ્યા હતા.

### મુંબઈના બુથ પર એક માત્ર મતદાર મતદાન કરવા ગયો પણ મતદાન ન કરી શક્યો

વરાછા કો.ઓપ.બેંક મલ્ટિસ્ટેટ બેંક હોવાથી મુંબઈમાં પણ 52 સભાસદ મતદારો માટે મતદાન બુથ ઊભું કરવામાં આવ્યું હતું. પણ સવારે 8 થી સાંજે 4 વાગ્યા સુધી માત્ર 1 મતદાર મતદાન કરવા ફરક્યો હતો. પણ આ મતદાર સુરતમાં નોંધાયેલો હોવાથી એ મતદાન કરી શક્યો ન હતો. મતદાનના અંતે ઝીરો ટકા મતદાન થયું હતું.

### નંબરોની ચિઠ્ઠી વહેંચવા મામલે બંને જૂથોના ઉમેદવારોએ ચૂંટણી અધિકારીને ફરિયાદ કરી

વરાછા કો.ઓપ.બેંકની ચૂંટણીમાં પરિવર્તન પેનલના 12 ઉમેદવારો સામે મતદાનના બેલેટ પેપર પર 6 ઉમેદવારોના નામો મળી કુલ 18 ઉમેદવારો હોવાથી કેટલાક ઉમેદવારો વતી ચોક્કસ જૂથ દ્વારા 12 નંબરોની ચિઠ્ઠી બનાવી વહેંચવામાં આવી હતી. પરિવર્તન પેનલના એક ઉમેદવારના સમર્થકોએ પોતાની મરજી મુજબ 12 ઉમેદવારોના નંબરોની ચિઠ્ઠી મતદારોને વહેંચી હતી. એને લઈ ચૂંટણી અધિકારીને ફરિયાદ કરવામાં આવી છે.

## ટ્રેનોમાં ચોરી કરતો રીઢો પાસા હેઠળ અમદાવાદ જેલમાં ધકેલાયો

સુરતઃ પશ્ચિમ રેલ્વે વડોદરા યુનિટની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) દ્વારા સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાઓના આરોપીને 'પાસા'(PASA)હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. પોલીસ સકંજામાં આવેલા મહમદ ફેઝલ અહમદ પટેલ (ઉં.વ.૩૩, રહે., આમોદ, જિ. ભરૂચ) પોતાના સાગરીતો સાથે મળીને ચાલુ ટ્રેને પેસેન્જરોને ડરાવી-ધમકાવી તેમના સામાનની ચોરી કરતો હતો. તેની સામે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ દરમિયાન અલગ-અલગ ત્રણ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આરોપીની ગુનાહિત પ્રવૃત્તિઓને જોતા તેને ભયજનક વ્યક્તિ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તૈયાર કરવામાં આવેલી પાસા દરખાસ્ત ને આધારે પોલીસ કમિશનર કચેરી દ્વારા અટકાયતનો હુકમ કરવામાં આવ્યો હતો.

### સાફસફાઇની વાત વચ્ચે ડુમસ સી ફેસ પર ગંદકી



■ ડુમસ સી ફેસને સુરતનું નઝરાણુ ગણવામાં આવે છે. તેની સફાઇ માટે વોલિએન્ટર અને પાલિકાના સફાઇ કર્મીઓની ફોજ ઉતારાઇ હોવાના દાવા વચ્ચે રવિવારે ગંદકી જોવા મળી હતી. **(તસવીર : સતીષ જાદવ)**

### પીપલોદમાંથી રૂ. ૧.૮૯ લાખની મત્તાની ચોરી

સુરતઃ પીપલોદના આશીર્વાદ બંગ્લોઝમાં રહેતા કાપડના વેપારીને ત્યાંથી તસ્કરો ૧,૮૯,૦૦૦ની મત્તાની ચોરી કરી નાસી છૂટતા મામલો ઉમરા પોલીસમાં પહોંચ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પીપલોદ સ્થિત આશીર્વાદ બંગ્લોઝમાં રહેતા ૫૩ વર્ષીય અજયભાઇ ધનસુખલાલ મોદી સચિન જીઆઈડીસીમાં કારખાનું ધરાવે છે. ગઇ તારીખ ૩૧મી માર્ચના રોજ રાત્રે પરિવાર સાથે સૂતા હતા, તે દરમિયાન મધ્યરાત્રિએ કોઈ અજાણ્યા તસ્કરોએ બંગલાના પાછળના ભાગે ગ્રીલમાંથી હાથ નાખી દરવાજાનો નકુચો ખોલી ઘરમાં પ્રવેશ કરી હાથફેરો કરી ગયા હતા. આ ચોરીની ફરિયાદના આધારે પોલીસે રોકડા રૂપિયા ૧૯,૫૦૦, ૫.૩૦ તોલા વજનની સોનાની ચેઇન રૂ. ૧૫,૦૦૦ની કિંમતની સિલ્વર કલરની કાંડા ઘડિયાળની ચોરીનો ગુનો નોંધ્યો છે.

### થાઇ યુવતીના ફ્લેટમાંથી દારુ અને ઇ-સિગારેટ ઝડપાઇ

સુરતઃ મગદલ્લાગામમાં રહેતી થાઇ યુવતીના ફ્લેટ પર પોલીસે દરોડો પાડી તેને ત્યાંથી દારુ અને ઇ-સિગારેટ કબજે લીધી હતી. એલ.સી.બી. ઝોન-4ની ટીમે મગદલ્લા ગામના ઘર નં. બી-376ના પ્રથમ માળે તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ત્યાં રહેતી થાઈલેન્ડની મૂળ નિવાસી ફાવિની ખેમ્યુઅન કોંગસેનકમ (ઉં.વ. 33) પાસેના ગાદલા પરથી શંકાસ્પદ પ્લાસ્ટિકની થેલી મળી આવી હતી.પોલીસે થેલીની તલાશી લેતા તેમાંથી એક વિદેશી દારૂની બોટલ (કિંમત રૂ. 1,300) અને અલગ-અલગ ફ્લેવરની કુલ 5 નંગ પ્રતિબંધિત ઈ-સિગારેટ (કિંમત રૂ. 17,500) આમ પોલીસ દ્વારા કુલ રૂ. 18,800નો મુદ્દામાલ કબજે કરી તેની ધરપકડ કરવામાં આવી છે.

### ભેસ્તાનમાં હાઈટેન્શન વાયર અડી જતાં યુવકનું મોત

સુરતઃ ભેસ્તાનમાં લોખંડની સીડી ઉપર ઉભો થઈને બોર્ડ બેનર લગાવતી વખતે ઉપરથી પસાર થતો હાઈટેન્શન વાયર અડી જતા યુવકનું મોત નિપજ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની શિવશંકર મોહનલાલ પટેલ (27 વર્ષ) હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલ પંચશીલનગરમાં એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો અને મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગઇ 27 તારીખે તે મિત્ર સોનુ સાથે બેનર ફિટ કરવા ગયો હતો ત્યાં જ્યાં બંને એક લોખંડની સીડી પર ચડીને બોર્ડ બેનર ફિટ કરી રહ્યા હતા, ત્યારે તેમની ઉપરથી પસાર થતો હાઈટેન્શન વાયર શિવશંકરને અડી જતાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

## ઘોડદોડ રોડના તબીબને ત્યાં ચોરી કરનારા ઝડપાયા

**ડોક્ટરના** કેતન શાહના સુભાષનગરના બંગલામાંથી રૂ. 1.74 લાખની મત્તા ચોરી કરી હતી

સુરત : પોશ ગણાતા ઘોડદોડ રોડ વિસ્તારમાં આવેલી સુભાષનગર સોસાયટીમાં ગત માર્ચ મહિનામાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.

વેસુ વિસ્તારમાં રહેતા ડો. કેતનભાઈ હસમુખભાઈ શાહના ઘોડદોડ રોડ પર આવેલ બંગલા નં. ૫૧માં (સુભાષનગર સોસાયટી) માર્ચ મહિનામાં ચોરી કરી હતી. આ ઘટના અંગે ઉમરા પોલીસ સ્ટેશનમાં ૧,૭૪,૦૦૦/-ની મત્તાની ચોરીની ફરિયાદ થઇ હતી. દરમિયાન, ચોકબજાર પી.આઈ. એસ.ડી. રાતડા અને પીએસઆઈ વી.ટી. ડોડીયાની સર્વેલન્સ ટીમના હેડ કોન્સ્ટેબલ મહાવિરસિંહ, સંજયસિંહ અને રાહુલભાઈને બાતમી મળી હતી કે ચોરીમાં સંડોવાયેલો એક કિશોર કોઝવે સર્કલ પાસે છે. પોલીસે વોચ ગોઠવી જાહેર શૌચાલય પાસેથી તેને પકડી લીધો હતો. તેણે કબૂલાત કરી હતી કે તેના સાગરીતો રોહિત ઉર્ફે મોડેલ અને કરણ ઉર્ફે કાળિયો સાથે મળી એપ્રિલિયા મોપેડ પર નીકળીને પોશ વિસ્તારોમાં બંધ બંગલાની રેકી કરતા હતા. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાછળનો આ બંગલો બંધ જોઈને ત્રણેય જણાએ મધરાતે સળિયા વડે દરવાજો તોડી અંદર હાથફેરો કર્યો હતો.

ચોરી બાદ સામાન અન્ય સાગરીતોને સોંપી આ કિશોર અમરોલી અને ત્યારબાદ પોલીસથી બચવા લાલ દરવાજા બ્રિજ નીચે રહેતો હતો. તે ભંગાર વીણવાનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવી છૂપાતો ફરતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે તેના અન્ય બે સાગરીતો અગાઉ પકડાઈ ચૂક્યા છે.

**'ચૂંટણી વખતે જ દેખાતા નેતાઓને લોકોની સમસ્યાઓ દેખાતી નથી'**

## ખજોદની આગથી સ્થાનિકોએ બંધ રાખવા પડતા ઘરના બારી-દરવાજા

**રોડ-રસ્તા**, સ્ટ્રીટ લાઇટ, ગંદા પાણીની સમસ્યાથી નારાજ અલથાણની આગમ હાઇટ્સના રહીશોનું વિરોધ પ્રદર્શન



સુરત : ખજોદ ખાતે મનપાની ડીસ્પોઝલ સાઈટ પર લાગેલી કચરાની આગ છેલ્લા દસ દિવસથી વધુ સમયથી બેકાબૂ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. આગમાંથી નીકળતો ઘેરો ધુમાડો આસપાસની સોસાયટીઓમાં પ્રવેશી રહ્યો છે, જેના કારણે નાના બાળકોથી લઈને વડીલો સુધીના લોકોના સ્વાસ્થ્ય પર અસર પડી રહી છે. શ્વાસ લેવામાં તકલીફ અને અન્ય બીમારીઓના કેસો વધતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોના કહેવા મુજબ આટલી મોટી ઘટનાની સામે પણ તંત્ર દ્વારા પૂરતા પગલાં લેવામાં આવ્યા નથી. કોઈ પણ જવાબદાર અધિકારી કે જનપ્રતિનિધિ સ્થળ પર પહોંચી સમસ્યાનું નિરાકરણ લાવવા આગળ આવ્યો નથી. જેના કારણે લોકોમાં તંત્ર અને જનપ્રતિનિધિઓ પ્રત્યે ભારે અસંતોષ વ્યાપ્યો છે. બીજી તરફ અલથાણ વિસ્તારમાં આવેલી આગમ હાઇટ્સ સહિતની સોસાયટીઓમાં રોડ-રસ્તા ખરાબ હાલતમાં છે, સ્ટ્રીટ લાઈટની સુવિધાનો અભાવ છે અને ગંદા પાણીની સમસ્યા સતત યથાવત છે. આ મૂળભૂત સુવિધાઓના અભાવે લોકો રોજિંદા જીવનમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. સ્થાનિકોએ ચેતવણી આપી છે કે જો સમયસર સમસ્યાઓનું નિરાકરણ નહીં આવે તો આ વખતે ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવશે. લોકોનો આક્રોશ એ હદે છે કે 'ચૂંટણી વખતે જ નેતાઓ દેખાય છે, ત્યારબાદ લોકોની સમસ્યાઓ પ્રત્યે કોઈ ધ્યાન આપતું નથી,' તેવી ટીકાઓ ખુલ્લેઆમ થઈ રહી છે.

## જપ્ત કરાયેલું ખાદ્યતેલ-ઘી માનવ માટે અસુરક્ષિત

**મુદ્દામાલ** પરત મેળવવા ટ્રાયલ કોર્ટનાં ચુકાદા સામે સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી કરાઈ હતી

સુરતઃ અમરોલી પોલીસ સ્ટેશને BNSSની કલમ ૨૭૪, ૨૭૫, ૩૧૮(૪), ૬૧(૨), ૩(૫) અને ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૦૬ની કલમ ૫૯(૧) હેઠળ નોંધાયેલી ફરિયાદમાં જપ્ત કરાયેલો મુદ્દામાલ પરત મેળવવા સેશન્સ કોર્ટમાં કરાયેલી રિવિઝન અરજી કોર્ટે ફગાવી દીધી હતી અને ટ્રાયલ કોર્ટનો ચુકાદો યથાવત્ રાખ્યો હતો.

આ કેસમાં અમરોલી પોલીસે અરજદારના ગોડાઉનમાંથી વિવિધ બ્રાન્ડના ખાદ્ય તેલ અને વનસ્પતિ ઘીનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો. લેબોરેટરી તપાસમાં માલ "Sub-standard" એટલે કે ગુણવત્તા ધોરણ મુજબ ન હોવાનો રિપોર્ટ આવ્યો હતો. આ કેસમાં ગોડાઉન માલિક અંકિતભાઈ તેકચંદભાઈ પંચીવાળાએ મુદ્દામાલ પરત મેળવવા ટ્રાયલ કોર્ટમાં અરજી કરી હતી.

જે અરજી નામંજૂર કરવામાં આવી હતી. જેની સામે અરજદારે સેશન્સ કોર્ટમાં રિવિઝન અરજી કરી હતી. જેની સુનાવણીમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલે દલીલ કરી હતી કે જો માલ છોડવામાં આવે તો તે ફરી વેચાઈ શકે અને ખાદ્ય સુરક્ષા માટે જોખમ ઊભું થઈ શકે. બન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે નોંધ્યું હતું કે લેબ રિપોર્ટ મુજબ સેમ્પલ "Sub-standard અને માનવ ઉપયોગ માટે અસુરક્ષિત" ગણાયું છે.

તેથી આવા માલને મુક્ત કરવું યોગ્ય નથી. ટ્રાયલ કોર્ટના આદેશમાં કોઈ કાનૂની ખામી નથી. રિવિઝન અરજી નામંજૂર કરી ટ્રાયલ કોર્ટનો આદેશ યથાવત રાખવામાં આવ્યો હતો.

## બુટલેગરે નાના બાળકોના હાથમાં પકડાવી દીધી દારૂની પોટલીઓ!

**લિંબાયતમાં** આપની લાઇવ જનતા રેડ

સુરતઃ ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડાવતી વધુ એક શરમજનક ઘટના સુરત શહેરના લિંબાયત વિસ્તારમાં સામે આવી છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોએ દત્તાત્રેય નગરમાં ચાલતા દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ પાડી પોલીસ પ્રશાસનની ઊંઘ હરામ કરી દીધી છે. અત્યંત આઘાતજનક બાબત એ છે કે, પોલીસની ધરપકડથી બચવા માટે બુટલેગરોએ હવે નાના ભૂલકાઓને આ કાળા કારોબારમાં હોમી દીધા છે.

લિંબાયતના વોર્ડ નંબર 26માં આવેલા દત્તાત્રેય નગરમાં લાંબા સમયથી દેશી દારૂનો વેપલો ચાલતો હોવાની બૂમો ઉઠી હતી. આ અંગે આપના કાર્યકરોએ સ્થળ પર પહોંચી સોશિયલ મીડિયાના માધ્યમથી લાઈવ પ્રસારણ શરૂ કર્યું હતું. જેમાં ટેબલ પાછળ બેસીને બાળકો દારૂની પોટલીનું વેચાણ કરતાં કેદ થયા હતાં. આ બાળકોએ ડર વગર બુટલેગરનું નામ વિશાલભાઈ હોવાનું કહ્યું હતું.

### પી.આઈ ડી.ડી ચૌહાણના પાપે ગૃહમંત્રી પર છાંટા ઉડયા

આપના સ્થાનિક નેતાઓએ લાઈવ વીડિયોમાં સીધો જ ગૃહમંત્રી પર હુમલો બોલાવતા જણાવ્યું હતું કે, ગૃહમંત્રી વારંવાર દાવો કરે છે કે દારૂબંધીનો કડક અમલ થઈ રહ્યો છે, તો શું તેમને તેમના નાકની નીચે ચાલતા આ અડ્ડાઓ દેખાતા નથી? સુરતના ગરીબ વિસ્તારોમાં સારી શાળાઓ કે હોસ્પિટલો ભલે ન મળે, પણ મરજી પડે ત્યાં દારૂની પોટલીઓ અવશ્ય મળી રહે છે. આ તે કેવું વિકાસનું મોડેલ છે જ્યાં બાળકોને ગુનાખોરીના રસ્તે ધકેલવામાં આવી રહ્યા છે?

### ચૂંટણી ટાણે કાયદો-વ્યવસ્થાના મુદ્દે પોલીસ બેકફૂટ પર

આ વીડિયો વાયરલ થતા જ સ્થાનિક મહિલાઓમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. રહેણાંક વિસ્તારમાં શરમેશરમ ચાલતા આ અડ્ડાઓ પોલીસની રહેમનજર હેઠળ ચાલતા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે, આટલા સચોટ પુરાવાઓ હોવા છતાં પોલીસ કિંગપિન વિશાલ સુધી પહોંચશે કે પછી હમેશની જેમ નાની માછલીઓને પકડીને સંતોષ માનશે?

## શહેરમાં આજે વાદળછાયા વાતાવરણ સાથે સાંજે ઠંડો પવન ફૂંકાયો

સુરતઃ શહેરમાં આજે દિવસે વાદળછાયા વાતાવરણ સાથે તાપમાનમાં થોડો વધારો થયો હતો. જોકે સાંજે ઠંડો પવન ફૂંકાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં આજે મહત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 34.8 ડિગ્રી નોંધાયું હતું. લઘુત્તમ તાપમાન 1.2 ડિગ્રી ઘટીને 24.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 53 ટકા ભેજ સાથે 8 કિમીની ઝડપે ઉત્તર-પૂર્વનો પવન ફૂંકાયો હતો. ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગે અત્યારે માવઠાની આગાહી કરી છે. તેની અસર બે દિવસથી જોવા મળી રહી છે. શહેરમાં આગામી ત્રણેક દિવસ વાદળછાયા વાતાવરણની આગાહી કરી છે. જ્યારે તાપી જિલ્લા અને ડાંગમાં માવઠાની સંભાવના છે. આગામી દિવસોમાં વાતાવરણ યથાવત રહેશે. 7 તારીખે વધુ એક સિસ્ટમથી રાજ્યના અનેક સ્થળોએ માવઠાની આગાહી કરવામાં આવી છે.

## નવા PI સમક્ષ પોતાનું શાસન ટકાવવા વહીવટદારોનું ભારે લોબિંગ

**કેટલાકે** જૂના કેશિયરનું સ્થાન પોતે હસ્તગત કરવા મોટા પાયે દબાણ કર્યું હોવાની ગપસપ

સુરતઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીને કેન્દ્રમાં રાખી તાજેતરમાં પોલીસ ઈન્સ્પેક્ટર કક્ષાના સાડા સાત સો જેટલા અધિકારીઓની બદલી ડીજીપીએ કરી હતી. જેમાં સુરત શહેરમાંથી 45 પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી થઈ હતી. એટલે કે મોટા ભાગના પોલીસમથકના પીઆઈની બદલી થઈ ગઈ. આવી સ્થિતિમાં નવા આવેલા પોલીસ ઈન્સ્પેક્ટરનો વહીવટ કરવા જૂના વહીવટદારોએ ભારે લોબિંગ શરૂ કર્યું છે તો સાથોસાથ જૂના વહીવટદારને ખસેડી પોતાનું સ્થાન મજબૂત કરવા કેટલાક પોલીસ કર્મચારીઓએ મોટા પાયા પર દબાણ કરાવવાનું શરૂ કર્યું હોવાની ચર્ચા પોલીસ બેડામાં શરૂ થઈ છે.

સુરત શહેર પોલીસમાં વર્ષોથી વહીવટદાર બનવા લોબિંગ કરાવવામાં આવી રહ્યું હોવાની વાત પોલીસ બેડામાં જાણીતી જ છે. પણ આજ દિવસ સુધીમાં કોઇ દિવસ એવું નથી બન્યું કે એક સાથે તમામ પોલીસમથકના ઈન્સ્પેક્ટરની સાગમટે બદલી થઈ હોય. એટલે બે ચાર ઈન્સ્પેક્ટરની બદલી થાય તો તેના વહીવટદાર બનવા જે લોબિંગ થાય તે વાત અંદરની અંદર જ રહે છે. બહાર આવતી નથી. પરંતુ આ વખતે નવા પોલીસ ઈન્સ્પેક્ટર આવ્યા હોવાથી તમામ જગ્યાએ જૂના વહીવટદારોએ પોતાનું સ્થાન ટકાવી રાખવા માટે ભારે લોબિંગ શરૂ કર્યું છે, તો નવા વહીવટદાર બનવા માટે પણ કેટલાક કર્મચારીઓએ ભારે દબાણ કરાવવાની થીયરી અપનાવી હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

કેટલાક છાપેલાં કાટલાં જેવા જૂના વહીવટદારોએ જે જે અધિકારીઓનો વહીવટ કર્યો હોય તે અધિકારીના ફોન પોલીસ ઈન્સ્પેક્ટર પર કરાવે, એ પોલીસ ઈન્સ્પેક્ટરના માધ્યમથી વરિષ્ઠ પોલીસ અધિકારીઓના ફોન કરાવે, કેટલાક રાજકીટ ગોડ ફાધર પાસે ફોન કરાવે તો કેટલાક ખાસ પેકેજ જાહેર કરી પોતાનું લોબિંગ કરાવતા હોવાની વાત પણ પોલીસ બેડામાં ચર્ચાઈ રહી છે.

### વહીવટદારોની સામૂહિક બદલી ક્યારે થશે?

ભૂતકાળમાં તત્કાલીન પોલીસ કમિશનર રાકેશ અસ્થાના અને સતીશ શર્માએ કેશિયરોની સામૂહિક બદલી કરી મોટા ભાગના તમામને હેડક્વાર્ટર ભેગા કરી દીધા હતા. તે પછી કેશિયરની સામૂહિક બદલીનો સમય આવ્યો નથી. તેવી સ્થિતિમાં વર્તમાન પોલીસ કમિશનર વહીવટદારોની સામૂહિક બદલી કરી દાખલો બેસાડે તે જરૂરી છે.

## ખંડણીખોર શાકિબ જરીવાલા સામે વધુ બે ગુના નોંધાયા

**હરીપુરાના** વૃદ્ધ પાસે 6000 અને રામપુરાની મહિલા પાસે 7000 પડાવી લીધા

સુરતઃ શહેરના લોકોને રંજાડતા ખંડણીખોર મોહંમદ શાકિબ મુનાફ જરીવાલા સામે વધુ બે ગુના દાખલ થયા છે. આતંક અને અત્યાચારનો પર્યાયી બની ગયેલા શાકિબ જરીવાલાએ ( રહે. કોહીનુર એપાર્ટમેન્ટ, કાંસકીવાડ ) હરીપુરાના સિલ્વર પેલેસમાં રહેતા અને સોની કામના વેપારીઓ પાસેથી કચરો ખરીદવાનું કામ કરતા 66 વર્ષીય વૃદ્ધ મોહમદજમીલ સોહરાબઅલી ખાનને નિશાન બનાવ્યા હતા. આજથી ત્રણેક મહિના પહેલા રાણી તળાવ રોડ પર આરોપીએ વૃદ્ધને આંતરી ફ્લેટનો કબ્જો સોંપવા માટે વધારાના રૂ. 50,000ની માંગણી કરી હતી. આરોપીએ જાહેરમાં ગાળાગાળી કરી 'જો પૈસા નહીં આપે તો હાથ-પગ તોડી નાંખીશ અને જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી વૃદ્ધ પાસેથી જબરદસ્તીથી રૂ. 6,000 પડાવી લીધા હતા. આ અંગે લાલગેટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે રામપુરા પસ્તાગિયા શેરીમાં રહેતા ફાતેમાંબીબી નિજામુદ્દીન આરીવાલાએ રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપી મોહંમદ શાકિબે આ મહિલા પાસેથી પણ ફ્લેટનો દસ્તાવેજ કરી આપવા અને કબ્જો સોંપવા માટે રૂ. 1,00,000ની ગેરકાયદેસર માંગણી કરી હતી. પંદરેક દિવસ પહેલા આરોપીએ મહિલાને ધમકાવી 7000 પડાવી લીધા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે આ પહેલા આરોપી સામે પત્રકારની ઓળખ આપીને લોકોને ખંખેરવાના ગુના નોંધાઈ ચૂક્યા છે તેમજ આરટીઈના દુરુપયોગ કરીને તોડ કરવાના પણ ગુના દાખલ થયા છે.

## વેસુના સુડા આવાસમાં મોડી રાત્રે તલવારધારી ટોળકીનો આતંક

**પાર્કિંગમાં** મુકેલી રિક્ષા અને બાઈકમાં કરી તોડફોડ કરીને રૂપિયા 4500નું નુકસાન કરી ફરાર

સુરત : શહેરના પોશ વિસ્તાર ગણાતા વેસુમાં આવેલી ભારતીમૈયા સ્કૂલ પાછળના સુડા આવાસમાં મોડી રાત્રે તલવાર સાથે ધસી આવેલા પાંચ શખ્સોએ ભારે આતંક મચાવ્યો હતો. અગાઉના ઝઘડાની અદાવત રાખીને આવેલા આ શખ્સોએ બિલ્ડિંગના પાર્કિંગમાં મુકેલા વાહનો, ઇલેક્ટ્રિક મીટર અને માછલીઘરની તોડફોડ કરી નાસી છૂટ્યા હતા. આ મામલે બિલ્ડિંગના મહિલા સેક્રેટરીએ પાંચ શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

વેસુના સુડા આવાસ બિલ્ડિંગ નંબર 39માં રહેતા અને સેક્રેટરી તરીકે સેવા આપતા મનીષાબેન ખલાસી ગત તા. 01/04/2026ના રોજ રાત્રે પરિવાર સાથે સૂતા હતા. દરમિયાન રાત્રિના આશરે 3:00 વાગ્યાના સુમારે પાર્કિંગમાં જોરજોરથી ગાળાગાળી અને તોડફોડનો અવાજ આવતા તેઓ જાગી ગયા હતા. મનીષાબેને નીચે જઈને જોતા, બિલ્ડિંગ નંબર 40માં રહેતો રાજકુમાર રત્નેશ્વરપ્રસાદ સિંઘ તેના અન્ય ચાર મિત્રો સાથે હાથમાં તલવાર જેવા ધારદાર હથિયારો લઈને આતંક મચાવી રહ્યો હતો. આ ટોળકી બિલ્ડિંગમાં રહેતા અક્ષય કંથારીયા અને રૂપેશ બાલાજીને શોધવા આવી હતી. પરંતુ તેઓ ન મળતા ઉશ્કેરાયેલા રાજકુમાર અને તેની ટોળકીએ પાર્કિંગમાં મુકેલી મિલકતો પર પોતાનો રોષ ઠાલવ્યો હતો. જેમાં અક્ષય કંથારીયાની FZ બાઈક (GJ 05 EY 9507) સાઈડ લાઈટની તોડફોડ (રૂપિયા 500નું નુકસાન), મનીષાબેનની એક્ટિવા (GJ 05 KL 8336) હેડલાઈટ અને આગળના ટોપાની તોડફોડ (રૂપિયા 1000નું નુકસાન), યશ પરમારની એક્ટિવા (GJ 05 PG 1056) આગળના ભાગે તોડફોડ (રૂપિયા 500નું નુકસાન), લાલા નામના યુવકની રીક્ષા (GJ 05 AY 4819) આગળનો કાચ તોડી નાખ્યો (રૂપિયા 1500નું નુકસાન) કર્યું હતું.

### જુના ઝઘડાની અદાવતમાં હુમલો

સ્થાનિક રહીશોએ પૂછપરછ કરવાનો પ્રયાસ કરતા આરોપીઓ હથિયારો સાથે નાસી છૂટ્યા હતા. તપાસમાં બહાર આવ્યું હતું કે, અક્ષય અને રાજકુમાર વચ્ચે અગાઉ કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખીને રાજકુમારે ચાર અજાણ્યા શખ્સો સાથે ગેરકાયદે મંડળી રચી, ભયનું વાતાવરણ ઉભું કરવાના ઈરાદે આ હુમલો કર્યો હતો.

## પુણામાં લાઈટનો થાંભલો પડતા યુવાન ઈજાગ્રસ્ત

**મુક્તિધામ** સોસાયટી પાસે પાર્કિંગમાં બેઠેલા લોકો પર પડતાં દોડધામ

**આ ઘટનામાં એક** રિક્ષા પણ ભટકાઈ



સુરતઃ પુણા વિસ્તારમાં કેનાલ રોડ પર મુક્તિધામ સોસાયટી પાસે પાર્કિંગમાં બેઠેલા લોકો પર અચાનક વીજળીનો થાંભલો તૂટી પડ્યો હતો. જેમાં એકને ઈજા પહોંચી હતી.

મળતી માહિતી મુજબ, મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના આગળીયા ગામના વતની અને હાલ મુક્તિધામ સોસાયટીમાં રહેતા 41 વર્ષીય બાલુ બીજલભાઈ ક્લસરિયા તેમના પરિચિતો સાથે પાર્કિંગ વિસ્તારમાં વાતો કરી રહ્યા હતા, ત્યારે અચાનક વીજળીનો થાંભલો ધરાશાયી થયો હતો. આ થાંભલા સાથે રિક્ષા પણ અથડાઈ હતી, જેના કારણે રિક્ષાને પણ મોટું નુકસાન થયું હતું. થાંભલો પડતા બાલુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને માથામાં પાંચ ટાંકા આવ્યા હોવાનું ફાયર બ્રિગેડના સૂત્રોએ જણાવ્યું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી, ફાયર વિભાગે તૂટી પડેલા થાંભલાને હટાવવાની તજવીજ હાથ ધરી હતી. સ્થાનિક તંત્ર દ્વારા હવે વિસ્તારના અન્ય થાંભલાઓની મજબૂતી અંગે પણ તપાસ શરૂ કરવામાં આવી છે.